**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૪૫ ટકા

# શહેરમાં રસીકરણ માટે જબરજસ્ત ઉત્સાહ

## દરરોજ ૩૮૦૦થી વધુ વ્યકિતઓને રસી અપાય છે : ૨૦ જેટલા કેન્દ્રો પર રસીકરણ

ગાંધીનગર, તા.૧૩

કોરોનાના બીજા વેવ બાદ રસીકરણની કામગીરીમાં જબરજસ્ત વેગ આવ્યો છે. શહેરના વીસ જેટલ કેન્દ્રો પર ૧૮ વર્ષથી વધુ વયના નાગરિકોને કોરોનાની રસી અપાય છે. દરરોજ ૩૮૦૦ જેટલા નાગરિકોને કોરોનાની રસી અપાય છે.

ગાંધીનગરમાં કોરોનાની બીજી વેવ ખતરનાક નીવડી હતી. અમદાવાદ નજીક હોવાથી માર્ચ-એપ્રિલ માસમાં કોરોનાના સંખ્યાબંધ કેસ આવતા હતા. દરરોજ ૩૦૦ થી ૩૫૦ જેટલા કેસ નોંધાતા હતા. હોસ્પિટલોમાં બેડ ખૂટી પડયા હતા. કોરોનાના કેસમાં ઘટાડો આવવાનો શરૂ થયા બાદ હાલમાં માત્ર સિંગલ ડીજીટીમાં જ કેસો આવી રહ્યા છે. કોરોનાના કેસો ઘટયા છે ત્યારે રસીકરણની કામગીરીમાં જબરજસ્ત વેગ આવ્યો છે. શહેરના જુદા જુદા



કેન્દ્રો પર વિવિધ વયજૂથના નાગરિકોને રસી આપવામાં આવી રહી છે.

રાજય સરકાર દ્વારા હાલમાં રસીનો પૂરતો જથ્થો આપવામાં આવી રહ્યો છે. રસીકરણની ઝુંબેશ આ કારણે પણ વધુ વેગવાન બની છે. ગાંધીનગર મહાનગરપાલિકા અને આરોગ્ય વિભાગના સંયુકત ઉપક્રમે શહેરના ૨૦ જેટલા કેન્દ્રો પર રસી અપાઈ રહી છે. દસ કેન્દ્રો ૧૮ થી ૪૫ વર્ષની વયજૂથ માટે અને દસેક કેન્દ્રો ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકો માટે ફાળવવામાં આવ્યા છે. અહીં દરરોજ ૩૫૦૦ થી ૩૮૦૦ જેટલા નાગરિકોને રસી અપાય છે. આરોગ્ય વિભાગના આંકડાઓ અનુસાર પોણા બે લાખ જેટલા વસાહતીઓને હાલમાં કોરોનાની રસીનો પહેલો ડોઝ આપી દેવાયો છે. જો આ જ રીતે રસીકરણની રફતાર રહી તો આગામી એકાદ બે માસમાં ૧૦૦ ટકા રસીકરણનો લક્ષ્યાંક ગાંધીનગર શહેર માટે પૂર્ણ કરી લેવાશે. ગાંધીનગરમાં મોટા ભાગે શિક્ષિત વસાહતીઓ રહે છે. કોરોનાથી બચવાનો આ એક માત્ર ઉપાય છે તેવું નાગરિકો સમજી ચુકયા છે. ખાસ કરીને યુવાનોમાં રસી લેવાનો જહરજસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના લગભગ દરેક કેન્દ્રો પર રસી માટે ભીડ જોવા મળે છે.

**જન્મદિને વધામણી**



ધિરેન આર પરમાર
મો. ૬૩૫૧૭ ૧૫૮૭૩



આયુષ
તુષારકુમાર શ્રીમાળી



વણકર પ્રકાશ (ગુરુ)
મો. ૮૭૫૮૩ ૦૨૩૦૨



કુણાલ મહેતા

## એ.વી.પી. ઈંગ્લીશ મિડીયમ સ્કુલનું ગૌરવ



ગાંધીનગર, તા.૧૩

'એસોસિએશન ઓફ મેથેમેટિક્સ ટીચર્સ ઓફ ઈન્ડિયા' દ્વારા નેશનલ લેવલે મેથેમેટિક્સ ટેલેન્ટ કોમ્પિટિશન યોજવામાં આવી હતી. જે ૫૨મી નેશનલ કોમ્પિટિશન હતી. કોરોના મહામારીને કારણે લગભગ ૭૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઓનલાઈન વર્ઝન ટેસ્ટ માટે ભાગ લીધો હતો. જેમાં સમર્થ પટેલે લેવલ-૨માં જુનિયર કેટેગરીમાં સમગ્ર ભારતમાંથી પાંચમો રેન્ક મેળવ્યો છે. સમર્થ પટેલને શાળા તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



પરમ પૂજય પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ અને વેસ્ટર્ન એગ્રી સીડસના સૌજયન્થી 'નેચર ફર્સ્ટ'ના સુવિચારે વેસ્ટર્ન સીડસ એગ્રો લિમિટેડ રીચર્સ ફાર્મ, માણસા, ગાંધીનગર, ધોળાકુવા ગામમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧,૧૧,૧૧૧ વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ લેવાયો હતો. ગુજરાત યુવા ભાજપ પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ અને ગુજરાત યુવા ભાજપ ઉપપ્રમુખ મનીષભાઈ સંઘાણી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને એમના વરદ હસ્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

## આજથી સેકટર-૪માં નિઃશુલ્ક યોગ પ્રાણાયામના વર્ગ

ગાંધીનગર, તા.૧૩

કોરોનામાં ઈમ્યુનિટી વધારવા શહેરીજનો સવારે પોતાના ઘરે જ યોગ-પ્રાણાયામ કરતા હતા કારણ લોકડાઉન હતું. પરંતુ હવે લોકડાઉન ખુલતા તેઓ સવારે બગીચામાં ખુલ્લામાં જઈને યોગ પ્રાણાયામ કરી શકશે.

પતંજલિ યોગપીઠ દ્વારા તાલીમ પામેલ યોગ શિક્ષક દ્વારા સેકટર-૪માં શોપિંગ પાસેના ગાર્ડનમાં ઘણા વર્ષોથી યોગ પ્રાણાયામ વર્ગ ચાલતા હતા પરંતુ કોરોનાને કારણે બાગ બગીચા બંધ થતાં આ કલાસ બંધ કરવાની ફરજ પડી હતી. હવે કોરોનાનો પ્રકોપ હળવો થતાં અને બાગ ખુલ્લો થતાં, ૧૪મીથી સવારે ૬ વાગ્યાથી યોગ પ્રાણાયામ વર્ગ નિયમિત નિશુલ્ક ચાલુ થશે. યોગ પ્રાણાયામ માટે આવતા નવા વ્યકિતઓએ સાથે પાથરણું લાવવાનું રહેશે તેમજ ખુલતા અને સંસ્કારી કપડામાં આવવાનું રહેશે. યોગ શિક્ષક પ્રવીણ ઉદેશા તેમજ યોગ શિક્ષક અને કિશોર ઈન્સ્ટિટ્યૂટના પ્રણેતા લક્ષ્મણસિંહ રાજપૂત પણ ઉપસ્થિત રહેશે.

# રાયસણ ગુડા ખાતે રહેતી પરિણિતાએ દિકરાની સારવારનો ખર્ચ માંગતા માર માર્યો

## પરિણિતાએ પતિ, સાસુ-સસરા સામે શારીરીક-માનસિક ત્રાસ અને દહેજ ધારા હેઠળ ગુનો નોંધાવ્યો

ગાંધીનગર, તા.૧૩

રાયસણ ગુડા આવાસ ખાતે રહેતી પરિણિતાએ દિકરાની સારવારનો ખર્ચ માંગતા ઉશ્કેરાયેલા સસરાએ દિકરાની વહુને જાહેરમાં લાફા મારીને ગાળાગાળી કરીને ઘરમાંથી હાંકી કાઢતા પરિણિતાએ ઈન્ફોસીટી પોલીસ મથકમાં પતિ,સાસુ અને સસરા સામે શારીરીક માનસિક ત્રાસ તેમજ દહેજ ધારા હેઠળ ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ શાહપુરના દિવ્યાબા ના લગ્ન ૨૬ એપ્રિલ ૨૦૧૯ ના રોજ ગાંધીનગર રાયસણ ગુડા આવાસ મકાન નં. સી-૩ ખાતે રહેતા અભિજીતસિંહ વિક્રમસિંહ મકવાણા સાથે થયા હતા. લગ્ન બાદ પરિણિતા સાસરી ખાતે રહેવા માટે આવ્યા હતા. પ્રારંભિક તબક્કામાં લગ્ન જીવન સારુ ચાલ્યું હતું. પરંતુ ત્યારબાદ પતિ અભિજીતસિંહ દિવ્યાબા સાથે નાની નાની વાતોમાં કકળાટ કરવાનું શરુ કર્યું હતું. જેની ફરીયાદ દિવ્યાબાએ સસરા વિક્રમસિંહ તેમજ સાસુ નયનાબા ને કરતા તેઓ દિકરાનું ઉપરાણુ લેતા હતા. જયારે દિવ્યાબાએ દિકરાને જન્મ આપતા પિયર રહેવા માટે ગયા હતા. ત્રણ માસ રોકાયા પછી તેઓ પરત સાસરીમાં ગયા હતા. પરંતુ સાસરી પક્ષ દ્વારા ત્રાસ યથાવત રહેતા પરિણિતા પિયર રહેવા માટે જતા રહ્યા હતા. ત્યારબાદ દિવ્યાબાના પિતાએ સાસરીપક્ષના સભ્યોને ઠપકો આપ્યો હતો. ત્યારબાદ અભિજીતસિંહ દિવ્યાબાને લઈને ગુડાના આવાસમાં અલગ રહેવા માટે ગયા હતા. ત્યાં થોડા સમય બાદ ફરીવાર અભિજીતસિંહે ખામીઓ કાઢી શારીરીક-માનસિક ત્રાસ આપવાનું શરુ કર્યું હતું. પોતાનો દિકરો બિમાર પડ્યો હોવાથી તેની સારવારના રૂ.૧૮ હજાર દિવ્યાબાની બહેને આપ્યા હતા. આ સારવારના રૂપીયા પરત કરવા માટે દિવ્યાબાએ અભિજીતસિંહને કહ્યું હતુ, પરંતુ રૂપીયા પરત આપ્યા ન હતા. અભિજીતસિંહની સાળીએ રૂપીયા અંગે સસરા વિક્રમસિંહ અને સાસુ નયનાબા ને વાત કરી હતી. જેથી તેઓ ગુડાના મકાન ખાતે આવીને દિવ્યાબાને શેના રૂપીયા આપવાનું કહીને ગાળાગાળી કરી હતી. ત્યારબાદ ઉશ્કેરાટમાં વિક્રમસિંહે પુત્રવધુ દિવ્યાબાને માર માર્યો હતો. ગુડા આવાસ ખાતે હોબાળો થતા સ્થાનિક નાગરીકો દોડી આવતા દિવ્યાબાને વધુ મારમાંથી મુકત કરાવ્યા હતા. પરિણિતાએ ૧૮૧ ટીમની મદદ લીધી હતી અને ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

## શેરથા ગામેથી જુગાર રમતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક આવેલા શેરથા ગામે ખોડીયાર માતાજી મંદિર નજીક લીમડાના વૃક્ષ નીચે ખુલ્લી જગ્યામાં એકઠા થઈને બાજી માંડીને બેઠેલા ત્રણ જુગારીઓ અડાલજ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૯,૮૦૦ તેમજ દાવ પરથી રોકડા રૂ.૧૫૦૦ મળી કુલ રૂ.૧૧,૩૦૦ તેમજ જુગાર રમવાનું સાહિત્ય મળી ત્રણેય સામે પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે સાથે રહેલા વનરાજસિંહને ઉવારસદ ગામે આવતા બાતમી મળી હતી કે શેરથા ગામે ખોડીયાર માતાજી મંદિર નજીક ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસ તાત્કાલીક સ્થળ પર જઈ રેઈડ કરતા જુગાર રમી રહેલા મનિષ અમરતભાઈ મિસ્ત્રી (સામા સુર્યાભરવાડી દરવાજા બહાર વિરમગામ જી.અમદાવાદ), શંભુભાઈ પુનમભાઈ ઠાકોર (સામા સુર્યા ભરવાડી દરવાજા બહાર વિરમગામ), અને રમેશભાઈ બળદેવભાઈ પરમાર (રહે. શંકર મુખીની ચાલી રેલ્વે ફાટક પાસે વિરમગામ)ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી લેતા તેમની પાસેથી રોકડા રૂ.૯,૮૦૦ તેમજ દાવ પરથી રોકડા રૂ.૧૫૦૦ મળી કુલ રૂ.૧૧,૩૦૦ રોકડા જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે અડાલજ પોલીસે પકડેલા જુગારીઓમાં સ્થાનિક જુગારી એકપણ નથી, ત્રણેય જુગારીઓ વિરમગામના છે એટલે કે જુગારીઓ વિરમગામથી માત્ર શેરથા જુગાર રમવા આવતા હોય તેમ લાગી રહ્યું છે.

## સેકટર-૩ વસાહત મંડળ દ્વારા રસીકરણ કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૧૩

કોરોના વેક્સિનેશનનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે સેક્ટર-૩ વસાહત મંડળ દ્વારા ૪૫ વર્ષથી વધુ વયના વસાહતીઓ માટે રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કોરોનાની રસી આપવાનું કાર્ય ચાલી રહ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા અને સોકટર-૩ વસાહત મંડળના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૩ ના ૪૫ વર્ષથી વધુ વયના વસાહતીઓ માટે કોરોના રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સેક્ટર-૩-ડી રામેશ્વર મહાદેવ મંદિર હોલ ખાતે યોજાયેલા આ કેમ્પનો સોકટર-૩ના વસાહતીઓએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. સેક્ટર-૩ વસાહત મંડળના અગ્રણીઓ સર્વ એ.ડી. પટેલ, મહેન્દ્રભાઈ પ્રવાસી, અશ્વિનભાઈ સુહાન, મિહિર શુકલ, મહિપતભાઈ ગઢવી, નંદુભાઈ પ્રજાપતિ, ભરતભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા. ગાંધીનગર મહાનગરપાલિકા મેડિકલ ઓફિસર ડૉ. કલ્પેશ ગોસ્વામી, ડૉ. હર્ષદભાઈ રાઠોડ, ડૉ. અર્ચના શાહ તથા તેમના સ્ટાફે આ કેમ્પમાં સેવાઓ પૂરી પાડી હતી. વસાહત મહામંડળના પ્રમુખ વિક્રમ પટેલ, મહામંત્રી મહેન્દ્રભાઈ પ્રવાસી તથા સર્વે હોદ્દેદારોએ આ કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.



**આમ્રઉત્સવ**

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨ ગાંધીનગરમાં પ.પૂ.ધ.ધૂ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદની આજ્ઞાના આશીર્વાદથી સદગુરુ મહંત સ્વામી પુરુષોત્તમ પ્રકાશ દાસજીની દિવ્ય પ્રેરણાથી ફૂટના રાજા એવી કેરીનો અન્નકૂટ બિરાજમાન દેવો સમક્ષ ધરાવવામાં આવ્યો હતો અને જેવી મીઠાશ કેરીમાં છે એવી જ મીઠાશ પ્રવર્તમાન પરિસ્થિતિમાં લોકોમાં પ્રસરે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

# વિહાન પ્રોજેક્ટ્સ દ્વારા સે-૧૨ ખાતે વિશિષ્ઠ બાળકોને સ્કૂલ કીટનું વિતરણ




ગાંધીનગર, તા. ૧૩

આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં જુનિયર સીટીઝન કાઉન્સિલના બગીચામાં 'વિહાન પ્રોજેક્ટ્સ'ના બેનર હેઠળ 'શ્રી વિનાયક ગ્લોબલ ફાઉન્ડેશન' દ્વારા એજ્યુકેશન કીટ કે જેમાં સ્કૂલ બેગ, પેન, રબર, પેન્સિલ, ફૂટપટ્ટી તથા પાઉચનું તથા 'સોચ એન.પી.' ટ્રસ્ટ દ્વારા સ્પેશયલ બાળકોના અભ્યાસના ચોપડા તથા ડેટોલ સાબુનું આશરે ૫૦ લાભાર્થી બાળકો (સ્પેશયલ)ને વિતરણ કરીને હળવો નાસ્તો આપ્યો હતો.

આ પ્રસંગે શ્રી વિનાયક ગ્લોબલ ફાઉન્ડેશનના ડાયરેક્ટર અભય મેનન, દિનેશ મેનન તથા પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. જિલ્લા ક્ષય નિવારણ સમિતિના સભ્ય હિતેશ રાવલ (એડવોકેટ) આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા વિહાન પ્રોજેક્ટ્સના સોમાજી ઠાકોર, કો-ડીનેટર પુષ્પાબેન તથા તુષારભાઈ, કાર્તિકભાઈ, ઉલ્લાસભાઈ વગેરે પ્રતિષ્ઠિત નાગરીકોએ હાજર રહીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. શાહ વિરેન્દ્રકુમાર ઠાકોરલાલ, ઉ.વ. ૫૫, સેકટર-૩૦
- સ્વ. રાઠોડ શાબાબેન રામસિંહ, ઉ.વ. ૬૫, પીંપરાડા, જી. ખેડા
- સ્વ. પટેલ મણીબેન દેવકરણભાઈ, ઉ.વ. ૭૯, સેકટર-૮
- સ્વ. શાહ કિરણબેન રતિલાલ, ઉ.વ. ૭૦, સેકટર-૧૨

# શહેરમાં વેપાર-ધંધામાં ૩૦ ટકાનો વધારો

## દુકાનો વધુ સમય ખુલ્લી રાખવાની છૂટ મળતા ઘરાકી વધી : વેપાર-ધંધા વધ્યા

ગાંધીનગર, તા.૧૩

કોરોનાના કેસો કાબુમાં આવ્યા બાદ પ્રતિબંધો હળવા બનાવાયા છે. દુકાનો મોડે સુધી ચાલુ રાખવાની છૂટ મળતા વેપાર-ધંધામાં ૩૦ ટકાનો વધારો થયો છે. ધીમે ધીમે દુકાનોમાં ઘરાકી વધવા લાગી છે.

ધીમે ધીમે જનજીવન પાટા પર આવી રહ્યું છે. માર્ચ એપ્રિલ માસમાં આવેલી કોરોનાની બીજી લહેર હવે મોટા ભાગે કાબુમાં આવી ગઈ છે. ગાંધીનગરમાં તો સીંગલ ડીજીટમાં જ કેસો આવી રહ્યા છે. કોરોનાના કેસો ઘટતા સરકારે લાદેલા પ્રતિબંધો ધીમે ધીમે હળવા થઈ રહ્યાં છે. દુકાનો રાત્રે સાત વાગ્યા સુધી ચાલુ રાખવાની છૂટ મળી છે. જેના કારણે વેપાર-ધંધામાં ધીમી ગતિ પકડાઈ રહી છે.

આંશિક લોકડાઉનના પગલે વેપાર ધંધા પર ખૂબ મોટી અસર પડી હતી. નાના વેપારીઓની હાલત તો ખૂબ કફોડી બની હતી. ઘર ચલાવવાના પણ ફાંફા પડતા હતા. હોટલ-રેસ્ટોરન્ટનો વ્યવસાય સૌથી વધુ પ્રભાવિત થયો હતો. શુભ પ્રસંગો અને તહેવારોની ઉજવણી પર બ્રેક લાગી ગઈ હતી. હવે છૂટછાટ મળતાં દુકાનો, શોરૂમ્સ અને શોપીંગ મોલ્સ ખુલી ગયા છે. છેલ્લા ઘણા સમયથી ઘરમાં બંધ રહેલા વસાહતીઓ બહાર નીકળતા અને ખરીદી કરતા થયા હતા. જરૂરી ચીજવસ્તુઓની ખરીદી જે ના છૂટકે ટાળવામાં આવી હતી તો હવે શરૂ કરવામાં આવી છે. ઓછા મહેમાનો સાથે વાસ્તુ, સગાઈ અનો લગ્ન જેવા પ્રસંગો ઉજવાઈ રહ્યા છે. જેના કારણે પણ બજારોમાં ઘરાકી જામવા માંડી છે. છેલ્લા બે દિવસમાં જ વેપાર ધંધામાં ત્રીસેક ટકા જેટલો વધારો થયો છે. જનજીવન ધીમે ધીમે પાટા પર ચઢી રહ્યું છે. આગામી દિવસોમાં વેપાર ધંધામાં વધુ સુધારો જોવા મળશે તેવો આશાવાદ વેપારીઓમાં જાગ્યો છે. કોરોનાના કેસો એકદમ ઓછા થશે તો લોકોનો ડર ઓછો થશે અને લોકો બજારમાં આવતા થશે.